# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

**************************************************

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇઝરાયલની બે દિવસની મુલાકાતે રવાના થયા.**
2. **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મહારાષ્ટ્રના બુલઢાણામાં રાષ્ટ્રીય આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કરશે.**
3. **વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતે વ્યૂહાત્મક સ્થિરતા જાળવવા અને નવી શસ્ત્ર સ્પર્ધાને રોકવા પર ભાર મૂક્યો.**
4. **અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, અમેરિકા પહેલા કરતાં વધુ સમૃદ્ધ અને મજબૂત બન્યું.**
5. **ICC પુરુષ T-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે મુકાબલો.**

,,......................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

## DAY PM-ISRAEL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે ઇઝરાયલની બે દિવસની રાજ્ય મુલાકાતે રવાના થયા છે. આ તેમની ઇઝરાયલની બીજી મુલાકાત છે. આ મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી મોદી અને ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ, ભારત-ઇઝરાયલ વ્યૂહાત્મક ભાગીદારીમાં થયેલી નોંધપાત્ર પ્રગતિની સમીક્ષા કરશે.

ઇઝરાયલમાં ભારતના રાજદૂત જે પી સિંહે અમારા સંવાદદાતાને જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી આજે ઇઝરાયલી સંસદ, કનેસેટને સંબોધિત કરશે.

**બાઇટ : J-P-SINGH--ISRAEL**

. . . . . . . . . . . . . . . . . .

## REV. PM DEPARTURE STATEMENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આશા વ્યક્ત કરી છે કે તેમની બે દિવસીય ઇઝરાયલ મુલાકાત બંને દેશો વચ્ચેના સ્થાયી સંબંધોને વધુ મજબૂત બનાવશે. મુલાકાત પહેલાના તેમના પ્રસ્થાન નિવેદનમાં, શ્રી મોદીએ કહ્યું કે આ પ્રવાસ વ્યૂહાત્મક ભાગીદારી માટે નવા લક્ષ્યો નક્કી કરશે અને બંને દેશો માટે સ્થિતિસ્થાપક, નવીન અને સમૃદ્ધ ભવિષ્ય માટે એક સહિયારા દ્રષ્ટિકોણને આગળ વધારશે. તેમણે કહ્યું કે તેઓ

ઇઝરાયલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ સાથે ચર્ચા કરવા માટે આતુર છે.

તેમણે ઉમેર્યું કે આ વાતચીત બંને દેશો વચ્ચે વિજ્ઞાન અને ટેકનોલોજી, નવીનતા, કૃષિ અને લોકો વચ્ચેના સંબંધો સહિત વિવિધ ક્ષેત્રોમાં સહયોગને વધુ મજબૂત બનાવવા પર કેન્દ્રિત રહેશે. શ્રી મોદી જણાવ્યું, તેઓ ઇઝરાયલના રાષ્ટ્રપતિ આઇઝેક હર્ઝોગને પણ મળશે. આ ઉપરાંત ઇઝરાયલી સંસદ નેસેટને પણ સંબોધિત કરશે. તેઓ ઇઝરાયલી સંસદને સંબોધિત કરનારા પ્રથમ ભારતીય પ્રધાનમંત્રી બનશે.

. . . . . . . . . . . . . . . . . .

## PRESIDENT - MAHARASHTRA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે બુલઢાણા જિલ્લાના શેગાંવમાં આયુષ મંત્રાલય દ્વારા આયોજિત રાષ્ટ્રીય આરોગ્ય મેળાનું ઉદ્ઘાટન કરશે.

આ અંગે અમારા પ્રતિનિધિ જણાવે છે કે

## બાઈટ - AS--DHANANJAY-NAGPUR

આ સાથે રાષ્ટ્રપતિ નાગપુરમાં બ્રહ્માકુમારીઓ દ્વારા આયોજિત રાજ્ય સ્તરીય પહેલ, "એકતા અને ટ્રસ્ટ દ્વારા મહારાષ્ટ્રનો સુવર્ણ યુગ" ના ઉદ્ઘાટન સમારોહમાં પણ હાજરી આપશે.

દરમિયાન રાષ્ટ્રપતિએ ગઈકાલે મુંબઈની પી.ડી. હિન્દુજા હોસ્પિટલમાં "જીવન બચાવો અને સ્વસ્થ ભારતનું નિર્માણ કરો" થીમ પર રાષ્ટ્રવ્યાપી

અભિયાન શરૂ કર્યું.પોતાના સંબોધનમાં, રાષ્ટ્રપતિએ આરોગ્યના મહત્વ પર ભાર મૂક્યો.

તેમણે કહ્યું કે સરકારે છેલ્લા દાયકામાં ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે જેથી ખાતરી કરી શકાય કે બધા નાગરિકોને ઉત્તમ આરોગ્ય સંભાળની સુવિધા મળી રહે.

. . . . . . . . . . . . . . . .

## ECI-GPS TRACKERS

ભારતના ચૂંટણી પંચે વિધાનસભા ચૂંટણી પહેલા પશ્ચિમ બંગાળમાં તૈનાત કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળ- **CAPF**ના કર્મચારીઓને ફાળવવામાં આવેલા વાહનો પર **GPS** ટ્રેકર ફીટ કરવાનો નિર્ણય લીધો છે. **CAPF** કર્મચારીઓની તૈનાતી બે તબક્કામાં શરૂ થશે.

આવતા મહિનાની પહેલી તારીખથી 240 કંપનીનો પ્રથમ તબક્કો તૈનાત કરાશે. ચૂંટણી પંચે નિર્દેશ આપ્યો છે કે સશસ્ત્ર દળો વિસ્તાર પ્રભુત્વ કવાયત હાથ ધરશે અને રાજ્યના ભૂગોળથી પોતાને પરિચિત કરશે.

પશ્ચિમ બંગાળના મુખ્ય ચૂંટણી અધિકારીએ જણાવ્યું હતું કે **GPS** ટ્રેકિંગ સિસ્ટમ ચૂંટણી પંચ । દ્વારા નિયુક્ત કેન્દ્રીય નિરીક્ષકોને **CAPF** કર્મચારીઓની ગતિવિધિ પર નજર રાખવા સક્ષમ બનાવશે.

. . . . . . . . . . . . . . . . .

## PUDUCHERRY-ECI REACH

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના નેતૃત્વમાં ચૂંટણી પંચની ટીમ આજે ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરવા માટે પુડુચેરી પહોંચશે. ચૂંટણી પંચ મુખ્ય ચૂંટણી અધિકારી, જિલ્લા ચૂંટણી અધિકારીઓ અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠકો યોજશે. તે તૈયારી અને સંકલનનું મૂલ્યાંકન કરવા માટે વિવિધ અમલીકરણ એજન્સીઓના વડાઓ અને નોડલ અધિકારીઓને પણ મળશે. ચૂંટણી પંચ આવતીકાલે તમિલનાડુમાં ચૂંટણી તૈયારીઓની સમીક્ષા કરશે.

. . . . . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **YOUTUBE** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **NEWSONAIR.GOV.IN/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . .

## IISS LONDON-OPERATION SINDOOR

લંડનની લશ્કરી, રાજકીય અને સુરક્ષા બાબતો પર અગ્રણી સંસ્થા, ઇન્ટરનેશનલ ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્ટ્રેટેજિક સ્ટડીઝ- IISSનું માનવું છે કે ઓપરેશન સિંદૂર, અત્યાર સુધીની વિશ્વની સૌથી લાંબી બિયોન્ડ-વિઝ્યુઅલ-રેન્જ (BVR) એર-ટુ-એર સંઘર્ષ હતો. BVRએ દૂર ઉડતી વસ્તુઓને લક્ષ્ય બનાવતા રોકેટ અથવા મિસાઇલો લોન્ચ કરવા માટે વિમાનના ઉપયોગનો ઉલ્લેખ કરે છે.

IISS મિલિટરી બેલેન્સ 2026 ના અહેવાલ મુજબ, 87 કલાક ચાલેલા આ સંઘર્ષમાં ખૂબ જ દૂરથી અદ્યતન જેટ વિમાનો લડાઈ કરી રહ્યા હતા. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે, ભારતે રાફેલ અને Su-30MKI જેટથી હવાઈ હુમલા શરૂ કર્યા, જેમાં એક પાકિસ્તાની વિમાનને 300 કિલોમીટર દૂરથી S-400 દ્વારા તોડી પાડવાનો દાવો પણ સામેલ હતો.

. . . . . . . . . . . . . . . . . .

## REV. FS-DISARMAMENT

વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતે વ્યૂહાત્મક સ્થિરતા જાળવવા અને નવી શસ્ત્ર સ્પર્ધાને રોકવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે. જીનીવામાં નિઃશસ્ત્રીકરણ પર યોજાયેલી પરિષદ 2026 ના ઉચ્ચ-સ્તરીય વિભાગને સંબોધતા, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ લશ્કરી કૃત્રિમ બુદ્ધિમત્તાના જવાબદાર ઉપયોગ અને સંરક્ષણ ક્ષેત્રમાં વિશ્વસનીય AI

મૂલ્યાંકન માટેના રાષ્ટ્રીય માળખા પ્રત્યે દેશની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો.. તેમણે કહ્યું કે ભારત માને છે કે વ્યૂહાત્મક સ્થિરતા જાળવવી અને શસ્ત્ર સ્પર્ધાને અટકાવવી એ વૈશ્વિક સુરક્ષા માટે પહેલા કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

દેશના પરમાણુ સિદ્ધાંતને પુનરાવર્તિત કરતા, તેમણે કહ્યું કે, ભારત એક જવાબદાર પરમાણુ શસ્ત્ર રાજ્ય તરીકે, વિશ્વસનીય લઘુત્તમ અવરોધક જાળવવા માટે પ્રતિબદ્ધ છે.

કૃત્રિમ બુદ્ધિમત્તાનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે ભારત લશ્કરી ક્ષેત્રમાં તેના જવાબદાર ઉપયોગ માટે પ્રતિબદ્ધ છે. તેમણે ભાર મૂક્યો કે જોખમો ઘટાડવા અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું પાલન સુનિશ્ચિત કરવા માટે AI ના ઉપયોગમાં માનવીય નિર્ણય અને દેખરેખ આવશ્યક છે. તેમણે એમ પણ સ્પષ્ટ કર્યું કે પરમાણુ શસ્ત્રો અંગેના નિર્ણયો માનવ નિયંત્રણ હેઠળ રહેશે.

. . . . . . . . . . . . . . . . . .

## CANADA-TAHAWWUR- CITIZENSHIP

કેનેડા સરકારે 26/11 ના મુંબઈ આતંકવાદી હુમલાના માસ્ટરમાઇન્ડ તહવ્વુર હુસૈન રાણાની નાગરિકતા રદ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. પાકિસ્તાનમાં જન્મેલા, કેનેડિયન નાગરિક તહવ્વુર હુસૈન રાણા ભારતમાં કસ્ટડીમાં છે.

તેના પર પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા દ્વારા કરવામાં આવેલા મુંબઈ આતંકવાદી હુમલાઓ સંબંધિત આરોપો છે.,જે હુમલામાં 160 થી વધુ લોકો માર્યા ગયા હતા.

. . . . . . . . . . . . . . . . .

## US PRESIDENT ADDRESS

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેર કર્યું છે કે અમેરિકા પહેલા કરતાં વધુ સમૃદ્ધ અને મજબૂત બન્યું છે. આજે સવારે રાષ્ટ્રપતિ તરીકેના તેમના બીજા કાર્યકાળ દરમિયાન તીવ્ર વિભાજિત કોંગ્રેસને પોતાનું પહેલું સ્ટેટ ઓફ ધ યુનિયન સંબોધન કરતા, ટ્રમ્પે તેમના નેતૃત્વ હેઠળ મોટા રાષ્ટ્રીય પરિવર્તનનો ઉલ્લેખ કર્યો.

શ્રી ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષા અને સરહદ નિયંત્રણ પર ખૂબ ધ્યાન કેન્દ્રિત કર્યું. તેમણે દાવો કર્યો કે તેમના વહીવટીતંત્રે અમેરિકન ઇતિહાસમાં સૌથી સુરક્ષિત સરહદ સ્થાપિત કરી છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે છેલ્લા નવ મહિનામાં કોઈ ગેરકાયદેસર પ્રવેશ થયો નથી.

100 ટકા બંધ સરહદના તેમના દાવાઓને સમર્થન આપવા માટે, ટ્રમ્પે નોંધ્યું કે દેશમાં ફેન્ટાનાઇલનો પ્રવાહ એક જ વર્ષમાં રેકોર્ડ 56 ટકા ઘટ્યો છે. વધુમાં, તેમણે રાષ્ટ્રીય હત્યા દરમાં ઐતિહાસિક ઘટાડા પર પ્રકાશ પાડ્યો.

. . . . . . . . . . . . . . . . .

# DAY ICC CRICKET WORLD CUP

**ICC** પુરુષ **T**-20 ક્રિકેટ વિશ્વ કપમાં, આજે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે સુપર 8 મુકાબલામાં ન્યુઝીલેન્ડ અને શ્રીલંકા વચ્ચે મેચ રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

આ પહેલા, ગઈકાલે સુપર 8 મેચમાં ઇંગ્લેન્ડે પાકિસ્તાનને બે વિકેટથી હરાવ્યું હતું. ઇંગ્લેન્ડે 165 રનના લક્ષ્યાંકને 8 વિકેટ અને 5 બોલ બાકી રહેતાં પાર કરી લીધો હતો.

. . . . . . . . . . . . . . . . . .

# SC-CORRUPTION CHAPTER

સર્વોચ્ચ અદાલતે આજે ધોરણ 8 **NCERT** ના પાઠ્યપુસ્તકમાં ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચારના સંદર્ભો પર સ્વતઃ નોંધ લીધી અને આ મુદ્દાને ગંભીર ચિંતાનો વિષય ગણાવ્યો.

મુખ્ય ન્યાયામૂર્તિ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની ખંડપીઠે આ બાબતની નોંધ લીધી. વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે અદાલત સમક્ષ ઉલ્લેખ કર્યો કે ધોરણ 8 ના બાળકોને ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર વિશે શીખવવામાં આવી રહ્યું છે, જે ખૂબ જ ચિંતાજનક છે.

ન્યાયાધીશ બાગચીએ અવલોકન કર્યું કે આ સામગ્રી બંધારણના મૂળભૂત માળખાની વિરુદ્ધ છે.

. . . . . . . . . . . . . . . . . .

## MILITARY-RAILWAY COOPERATION

ભારતીય સેના અને ભારતીય રેલવેએ અગ્નિવીર અને સેનાના કર્મચારીઓ માટે નિવૃત્તિ પછીના રોજગારના માર્ગોને મજબૂત બનાવવા માટે સહકારનું માળખું શરૂ કર્યું છે.

એક સોશિયલ મીડિયા સંદેશમાં, ભારતીય સેનાના જાહેર માહિતી વિભાગના અધિક મહાનિદેશકે જણાવ્યું, આ પહેલ રેલવેમાં રોજગારની તકો પ્રત્યે જાગૃતિ વધારવા અને નિવૃત્ત કર્મચારીઓ માટે એક પ્રતિભાવશીલ સહાયક પદ્ધતિ સ્થાપિત કરવાનો પ્રયાસ કરે છે. આ માળખું રાષ્ટ્રીય વિકાસમાં યોગદાન આપતી વખતે નિવૃત્ત સૈનિકોને અર્થપૂર્ણ બીજી કારકિર્દી સાથે સશક્ત બનાવવાની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

. . . . . . . . . . . . . . . . . .